


# સેતુ

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૩** **અંક : ૯૧** **જાન્યુઆરી - ૨૦૨૨**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## શ્રીકૃષ્ણની બાળલીલાના આધ્યાત્મિક અર્થો

શ્રીમદ્ ભાગવતને ભગવાનની વાઙ્મયમૂર્તિ કહે છે. કેમકે એના દશમાં સ્કંધમાં શ્રીકૃષ્ણનું ચરિત્ર આલેખાયું છે. મુખ્યત્વે શ્રીકૃષ્ણની બાળલીલાઓનું એમાં વર્ણન છે. શ્રીકૃષ્ણ અગિયાર વર્ષની ઉંમર સુધી નંદ-જશોદાને ત્યાં ગોકુલમાં રહ્યા. એ સમય દરમ્યાન એમણે પૂતનાવધ, બકાસુરવધ, ધેનુકાસુરવધ, તૃણાવતવધ, વત્સાસુરવધ, અઘાસુરવધ ઉપરાંત શકટલીલા, ઉલખલલીલા, નાગદમનલીલા, વસ્ત્રાહરણલીલા- એમ અનેક લીલાઓ કરી એવા વર્ણનો આવે છે.

ત્યારે આપણા મનમાં પ્રશ્ન ઉઠે છે કે આ કૃષ્ણ છે કોણ ? આટલી નાની ઉંમરમાં આવી લીલાઓ એ કેવી રીતે કરી શકે ? આ માત્ર મનોરંજક વારતાઓ છે કે એની પાછળ કોઈ આધ્યાત્મિક કે નૈતિક રહસ્યો રહેલાં છે ? આપણે એમાં ઉંડા ઉતરીને એ જરા સમજીએ.

વસુદેવ કોણ છે ? વસુ એટલે ધન અને ઐશ્વર્યના દેવ. સાચું ધન એટલે આત્મજ્ઞાન. આવો જે આત્મજ્ઞાની અથવા બ્રહ્મજ્ઞાની જે દેવ હોય તેને વસુદેવ કહેવાય.

દેવકી, યશોદા અને પૂતના કોણ છે ? આ ત્રણેય માયાના જુદાંજુદાં રૂપો છે. સાત્વિકી વૈષ્ણવી માયા એટલે દેવકી, એ છે કૃષ્ણરૂપી પ્રેમને પ્રગટાવનારી મહાશક્તિ. યશોદા એ રાજસી માયા છે. શ્રી કૃષ્ણરૂપી પ્રેમને યશથી ઉજ્જવળ કરનારી એ માનવીય મહાશક્તિ હોવાથી તેને યશોદા કહે છે. જ્યારે પૂતના એ તામસી માયા છે. એ ભોગદાયિની મહાશક્તિ વાસના છે. આમ, દેવકી એ દૈવી માયા છે, યશોદા એ માનુષી માયા છે અને પુતના એ આસુરી માયા છે. આ ત્રણેય માયાના રૂપો હોવાથી એ ત્રણેયને બહેનો કહી શકાય અને તેથી પૂતનાને અને દેવકીને માસી કહેવામાં આવી છે.

પરમ અધ્યાત્મ જ્ઞાનરૂપી વસુદેવની સાથે પરમ વૈષ્ણવી સાત્વિકી માયા દેવકીનો યોગ થાય ત્યારે શ્રીકૃષ્ણરૂપી પરમ પ્રેમનું પ્રાગટ્ય થાય. શ્રીકૃષ્ણ એ ભગવાનનો પ્રેમાવતાર છે.

જ્ઞાનની સાત ભૂમિકાઓ છે, એ પાર કર્યા પછી આવો પ્રેમ પ્રાપ્ત થતો હોય છે. દેવકીની કૂખે સાક્ષાત પ્રેમાવતાર અવતર્યા એ પહેલાં એમની કૂખે સાત સંતાનો પેદા થયાં. એ સાત સંતાનો એટલે જ્ઞાનની સાત ભૂમિકાઓ છે. આ સાત ભૂમિકાઓના નામ છે; (૧) શુભેચ્છા (૨) સુવિચારણા (૩) તનુમાનસા (૪) સત્યાપત્તિ (૫) અસંશક્તિ (૬) પદાર્થભાવિની અને (૭) તૂયંગા. કંસે જ્ઞાનની આ સાત ભૂમિકાઓનો નાશ કર્યો, જે દેવકીની કૂખે સંતાનોરૂપે જન્મી હતી. ત્યારે આઠમા સંતાનરૂપે શ્રીકૃષ્ણ પ્રેમાવતારરૂપે અવતર્યા. આ પ્રેમાવતારે જે લીલાઓ કરી તે આપણે દર અંકે સમજીશું.

**ડૉ. નરેશભાઈ વેદ**

## પ્રમુખનો પત્ર

**"ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે"** હાથમાં તિરંગો લઈને ૨૬ જાન્યુઆરી ૨૦૦૦ના રોજ "ભારત માતાની જય" એમ બોલતાં કચ્છના વિદ્યાર્થીઓ ક્ષણભરમાં હતાં નહતાં થઈ જશે એવું કલ્પ્યું પણ હશે ? કેટલી હોંશથી તેમના માંબાપોએ તૈયારી કરીને પ્રજાસત્તાક દિનની પરેડમાં મોકલ્યા હશે. એક પળમાં ધરા ધ્રૂજી અને બધું ખેદાન-મેદાન થઈ ગયું. સવાલ એક પળનો છે. કોઈને કંઈ ખબર અંદાજ નથી હોતો કે હવે પછીની પળે શું થશે. જ્યાં કશું જ ખબર નથી ત્યાં આપણે ભવિષ્યની અને છોકરાના છોકરાઓ માટે મૂકી જવાના મનસૂબા ઘડીએ છીએ. ઈશ્વરની રચના જ એવી છે કે કઈ પળે ક્યાં શું થશે તેની લેશમાત્ર જાણ હોતી નથી. આ પરિસ્થિતી સૌ કોઈ જાણે છે પણ ધનનો સંચય કરવામાંથી કોઈ પીછેહઠ કરતું નથી. **"હું કરું હું કરું"** એવી અજ્ઞાનતા-એ મિથ્યા પરિસ્થિતીમાંથી કોઈ બહાર આવતું નથી. આપણાં ભાગે તો આપણાં શુદ્ધ અને સાત્વિક વિચારો અને તેના થકી ભાવનાત્મક કર્મ એટલું જ છે. સંજોગો અને પરિસ્થિતી એની અનુકુળતા કે વિષમતા તમારું ભાગ્ય નક્કી કરે છે. તે ઈશ્વરના હાથમાં હોય છે. અને એટલું ચોક્કસ અને પ્રમાણિકપણે માનીને ભગવાન ઉપર ભરોસો રાખવો જોઈએ. દરેકની દરકાર તે રાખે છે અને આપણા કર્મો પ્રમાણે આપણી પરિસ્થિતીનું અને સંજોગોનું નિર્માણ થાય છે જે પરિસ્થીતી કે સંજોગો હોય તેમાં આપણા વિચાર અને વર્તન કેવા ભાવો અને કર્મો સેવે છે એ આપણું કર્મનું ભાથું છે.

ભવિષ્યનો બહુ વિચાર કર્યા વિના સંજોગો પ્રમાણે અનુરુપ થવાની અનુકુળતા દરેક વ્યક્તિએ કેળવવી પડશે તો દુખી થવાના પ્રસંગો ઓછા આવશે. જગતમાં જે આવે છે તેણે ટાઢ, તડકો, ભય, પ્રેમ, જીવન, મૃત્યુ બધાનો સામનો કરવો પડે છે. સરસ મજાના સુગંધ આપતા ફૂલને પણ સાંજ સુધીમાં કરમાવું પડે છે. પશુપંખી, ઝાડપાન સૌ ઐશ્વર્ય અને પડતી અનુભવે છે. કશું શાશ્વત નથી અને કશું આપણાં ધાર્યા પ્રમાણે થાય જ એવી માનસિકતાથી દૂર રહીએ તો જીવનમાં ક્લેશનો અનુભવ ઓછો થાય.



# અશક્તાશ્રમના આશ્રયે

## તુલસી ઈસ સંસાર મેં....

- ઉષા ચંદ્રવદન શાહ

આ તમારા દાંત કેમ ગયા છે આટલી નાની ઉંમરમાં ?... માર ખાઈ ખાઈને બહેન... "એવા એ એવો ગુંબો મારે કે દાંત પડી જાય. ફક્ત ચાર જ દાંત ઉપરના દેખાય છે, આખાયે મોઢામાં દાંત અને દાઢો થઈને પંદર કે સોળ દાંત હશે. સાસુ અને નણંદ ચઢાવે અને સાહેબ મારે. જરા માથેથી સાડલો સરી ગયો હોય તો સાસુ કહે : માથું ઢાંકેલું રાખો અને ન રહેતું હોય તો માથે ખીલા ઠોકો તો ઊઘડી નહીં જાય. લાચાર છોકરી માર ખાતી જાય અને જે પણ કોઈ બોલે તેને સાંભળતી રહે. ક્યાં જાય બિચારી ! મા-બાપને ત્યાં પાછું વળવું નથી-સમાજ કરડી ખાય. મા-બાપનું જીવન ઝેર બની જાય. ડરપોક છોકરી આવે તે સહન કરે. સાસુ, નણંદ અને પતિ કઈ કઈ રીતે અને કેટલો જુલમ કરે તેનું લાંબુ લિસ્ટ કહી સંભળાવ્યું."

સમયચક્ર ફર્યું અને ધણીને ધંધો કરવા બીજે ગામ જવાનું થયું. બંને એકલા રહ્યા એટલે સંઘર્ષ પણ ઓછો થયો. પતિને મદદ થાય તે દૃષ્ટિએ બહેને રસોઈ કરવા જવાનું શરું કર્યું. નસીબ બિચારીના કે પેલા લાટસાહેબે સવળો અર્થ લઈ તેને રોકી નહીં. વળી આજના જેવા મોબાઈલ તો તે વખતે હતા નહીં કે માં-બહેનની સલાહ લે.

આ બહેન વિષે વાત કરું તો.... બહેન સાદા અને ભલાભોળા છે. તેમના ઉપરીઓની સતત રોકટોકથી બઘવાઈ ગયેલા અને આત્મવિશ્વાસથી ખાલી થયેલા લાગે. કશું બોલવાની તાકાત જ નહીં. એને બોલે તો... જીભ થોથરાવા લાગે.

થોડો સમય ગયો અને બહેનને દિવસ રહ્યા. દીકરો થયો. દીકરો વ્હાલો પણ બહેનની દશા તો એ...જ.. પાછા ગામમાં આવી ગયા હતા. બહેનના કહેવા પ્રમાણે પતિ સારું કમાયા. મોટું ઘર કર્યું. ઘરમાં ગાડી પણ આવી. દીકરો થયો, ઘર થયું, ગાડી આવી.... આપણને થાય કે ભાઈ હવે થોડા ઠર્યા હશે. પણ બહેનનું નસીબ તેમની સાથે ને સાથે જ. ભાઈને પર સ્ત્રીની સંગત થઈ અને જુદા જ લિબાસમાં આવી ગયા. નવી ગાડી અને નવી લાડીના નશામાં ચકચૂર થઈ ગયા. આ બહેનને થોડો સમય સાથે રહ્યા પણ કમનસીબથી ગુંગળાયેલી બહેન લાંબો સમય સાથે ન રહી શક્યા. તૂટી પડ્યા.બીજા કોઈ સ્થાનની વાટ પકડી. આ બહેન અશક્તાશ્રમને બારણે આવી. તેમની કથની સાંભળી તેમને રાખી લીધા.

રેગીંગ ફક્ત કોલેજમાં જ થાય છે તેવું નથી. અશક્તાશ્રમમાં પણ થાય. હારેલી, થાકેલી, મૂંઝાયેલી બહેનોથી તેમની સાથે રહેતા બહેનોને પોતાની આપવીતી કહેવાઈ જાય. પડોશીઓને તો મસાલો મળી ગયો. 'ઘરની દાઝેલી વનમાં ગઈ ને વનમાં લાગી આગ' અમારી જાણમાં આવ્યું. બહેનને સાથે બેસાડ્યા. બાજી પલટાવાની જરુર હતી. તેમના સારા પાસાના વખાણ કર્યા. હિંમત આપી. શાંત પાડ્યા. જે લોકો તેમની ઉડાવતા હતા તેમને સમજાવ્યા.

અમે જોયું કે બહેન કામઢા છે. તેમને કોઈને કોઈ કામમાં વ્યસ્ત રાખવા. તેની કદર કરવી. તેમની પ્રશંસા કરવી. આમ કરવાથી બહેન સ્વતંત્ર રીતે, રસપૂર્વક, આત્મવિશ્વાસથી કરવા લાગ્યા. મને કહેતા આનંદ થાય છે કે બહેન બદલાયા છે. સ્વસ્થ દેખાય છે. તેમની અસ્મિતામાં ફરક પડી ગયો છે.

**બીજા બહેનની વાત કરું.** જરી જરી વાતમાં રડી પડે. કોવિડના લીધે અમે લાંબા સમય પછી ગયેલા. પહેલા દિવસથી જ 'બહેન મારે તમને મળવું છે.' આટલું કહીને પણ રડી પડે. ઉદાસ મોઢું, બઘવાયેલું વર્તન, એકલા અટૂલા ફર્યા કરે. ત્યાં ગયા પછી સૌથી પહેલા હું તેમની પાસે બેઠી.

તેમનું બચપણ કેવું હતું તેની ખબર નથી પણ નાની ઉંમરમાં લગ્ન થઈ ગયેલા. હરહંમેશ મુજબ 'પતિદેવ!!' એવા જ હતા. એમનો પિત્તો જાય એટલી જ વાર. દામ્પત્યની મજા તેમને તેમનું સામર્થ્ય દેખાડવામાં જ આવે. આવા કથળેલા દામ્પત્ય જીવનમાં પણ તેમને એક દીકરી થઈ. જુઓ ! બહેનનું નસીબ. દીકરી ત્રણેક વર્ષની થઈ અને મરી ગઈ. 'તેં જ મારી દીકરીને મારી નાંખી!!' ખૂબ માર માર્યો. તેને સમાજમાં બદનામ કરી. બહેન કંટાળ્યા. ઓ બહેન!! હું મારી દીકરીને શા માટે મારી નાંખુ ? મારા રણ જેવા જીવનમાં એક મીઠી વીરડી જેવી તો હતી. ખૂબ રડ્યા. શાંત પડ્યા. "હું ત્રાસી ગઈ અને મ્હેં ઘર છોડી દીધું"

મુંબઈના એક છોકરીઓનાં અનાથાશ્રમમાં રસોડાના કામકાજ માટે રહી ગયા. છોકરીઓના સંગમાં અને કામના રંગમાં બહેન દુઃખને વિસરી શક્યા. છોકરીઓને શાક સુધારવાનું, રોટલી વણતા ચઢવતાં. દાળ-શાકમાં મસાલા કરવાના, જમવાની તૈયારી વ્યવસ્થિત કરવાની વિગેરે શિખવવાનું. આમ આખો દિવસ કામમય-સુખમય જતો. પણ... રિટાયર્ડ થવાનો સમય આવી ગયો. બહેને ડાકોર જવાનું પસંદ કર્યું. ડાકોરમાં ભાડે ઘર રાખ્યું. નોકરીયાત લોકોને ટીફીન આપવાનું કામ કર્યું પણ... બહેન થાક્યા હતા. અશક્તાશ્રમનો આશરો લીધો.

ફરી પાછો રેગીંગનો પ્રશ્ન ! હારેલી, થાકેલી, કંટાળેલી બહેન ખૂબ લાગણીશીલ અને આશ્રમના બાઓ તેમને ચિઢવવામાં પ્રયત્નશીલ. દાળનો દાણો ચાંપી જુએ. જો દબાયતો પૂરેપૂરો દબાવવાની તેમને મજા. આ બહેન બિચારી બધામાં ભળી શકે તે માટે કોઈનું પણ કામ કરી આપે. હવે બધાએ ઓર્ડર કરવા માંડ્યો. તેને ચિઢવવા લાગ્યા. બહેન કંટાળી. કામથી નહોતી કંટાળી. બુઢ્ઢાઓને ઓછા ન સમજશો હોં. ઘરમાં પણ એટલે જ નહીં સમાયા હોય કામ સૌને વહાલું. આ બહેન કામઢા છે. વોર્ડના બાઓના વર્તન જોયા પછી તેમને અને બીજા કામો તરફ વાર્યા. રસોડામાં મદદ કરે વ્યવસ્થિત રાખે. શાક સુધારે, બીજા બાઓ શાક સુધારી ચાલતી પકડે પણ આ બહેન પાછળનું બધું જ કામ કરે. બધું કામ પણ કુશળતાથી અને સુઘડતાથી કરે છે. બપોરના બધા આરામ કરતા હોય ત્યારે બહેન વાંચે.

આ બહેનને ગમતા કામમાં જ વ્યસ્ત રાખવા તેવું કહીને આવ્યા છીએ. ભગવાન શ્રી રાધાકૃષ્ણ તેમને ટાઢા પાડે અને ખુશ રાખે.

**ત્રીજી દુઃખીયારી માની વાત કરું ?** સંસારમાં જાત જાતના પ્રશ્નો. કોનું જીવન પ્રશ્ન વિનાનું છે ? જુદી જુદી પ્રકારના પ્રશ્નો. અહીં પતિ મુંબઈની આગળ પડતી કંપનીમાં સારી પોસ્ટ પર પણ સટ્ટો રમવાની ટેવ. સટ્ટાનો પણ નશો હોય છે. એ નશાએ તેમનું તળિયું ઝાટક કરી નાખ્યું. તેમને બે દીકરા. માં ઓછું ભણેલી અને બાપ સટ્ટાના નશામાં. છોકરાઓ ભણ્યા નહીં તેથી નોકરી પણ નબળી જ મળે. આવી પરિસ્થિતિમાં પણ મોટાને પરણાવ્યો. એક છોકરો થયો પણ પત્ની વચ્ચે મનમેળ નહીં છૂટાછેડા થયાં. છોકરાને લઈ ન ગઈ. આ લોકો પર જવાબદારી અને બંધન નાંખી સ્વતંત્ર થઈ ગઈ. પતિ બેકાર, છોકરાની ટૂંકી આવક, છોકરાને ઉછેરવાનો અને વધતી જતી ઉંમર. બા થાકી ગયા. છોકરાઓને ઘર સોંપી વૃદ્ધાશ્રમનો રસ્તો પકડ્યો.

અશક્તાશ્રમમાં આવ્યા. થોડા સમય પછી પતિ ગુજરી ગયા. લકવો પડ્યો. તાત્કાલીક ઉપચારથી વધુ બગડ્યું નહીં. આંખો બગડી, દસ દસ મિનીટે ટીપા નાંખવા પડે. જ્યાં જાય ત્યાં બાટલી હાથમાં. દીકરી નિભાવે છે. પ્રશ્નો હોય તો દીકરીજ આવે છે.

એક દિવસ બે દીકરાઓ માંને લેવા આવ્યા. હવે દીકરાનો દીકરો પરણવા યોગ્ય થયો છે. પણ છૂટાછેડા લીધેલો બાપ. કાકો કુંવારો, માં વૃદ્ધાશ્રમમાં, કોણ દીકરી આપે. "માં તું આવે તો આ દીકરાનું કાંઈ થાય." પૌત્ર ખાતર અપંગ માં ઘેર ગઈ. હવે જુઓ કમનસીબી ! થોડા દિવસ થયા ને બા પડ્યા. હાથનું ફ્રેક્ચર થયું. દીકરી આવી, હાથનું ઓપરેશન કરાવ્યું. એક મહિનામાં સાજા કરી દીકરી અશક્તાશ્રમમાં લઈ આવી.

અશક્તાશ્રમમાં રહેતા ૮૦ વૃદ્ધોની ૮૦ કથાઓ છે.

**"તુલસી ઈસ સંસારમેં, ભાતભાત કે લોગ**
**સબ સે હિલ મિલ ચલીયે,નદી નાવ સંજોગ"**

# સંસ્થા સમાચાર

- કે. બી. શાહ

### સર્વપિતૃ શ્રાદ્ધ

સ્વર્ગસ્થ પિતૃઓ પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરવાનું પર્વ એટલે શ્રાદ્ધ પક્ષ. ભાદરવા વદ-૧થી અમાસ પરંતુ અમાસ એટલે સર્વ માતૃપિતૃ શ્રાદ્ધ. બુદ્ધિશાળી વડીલોએ અમાસનો દિવસ એ રીતે સર્વગ્રાહ્ય કર્યો છે કે કોઈ કારણસર આ પંદર દિવસમાં કોઈ સ્વર્ગસ્થ વડીલનું શ્રાદ્ધ કરવાનું રહી જાય કે જે તે શ્રાદ્ધની ખબર ન હોય તો આ અમાસને દિવસે કરેલું શ્રાદ્ધ જેના પ્રત્યે શુભ લાગણી હોય તે સ્વર્ગસ્થ વડીલને પહોંચે. પ્રતિવર્ષ અશક્તાશ્રમના સત્સંગ હોલમાં આ શુભ ભાવનાથી ભાદરવા વદ અમાસને દિવસે સૌ આશ્રમવાસીઓ સ્વજનો કર્મચારીગણ ટ્રસ્ટીગણની હાજરીમાં વિધિવિધાનથી સુજ્ઞ જાણકાર બ્રાહ્મણ દ્વારા વર્ષ દરમ્યાન ગુજરી ગયેલ આશ્રમવાસી વૃદ્ધોની છબીઓ મૂકી સમુહ શ્રાદ્ધ થાય છે. આ વર્ષે મેનેજરશ્રી પૂનિતભાઈ ખંભોળજા કે જે આશ્રમની ક્રિકેટનો બારમો ખેલાડી છે જ્યારે વિધિમાં બેસનાર કે કાર્યક્રમમાં પણ કોઈ મળે ન મળે પૂનિત પોતાની શ્રેષ્ઠ ભૂમિકા બજાવી લે છે. સત્સંગ હોલમાં સાચા અર્થમાં હર્ષ કે દુઃખ મિશ્રિત આંસુ આંખોમાં છલકાયા વિના ન રહે. અંતે થાળ આરતી વૃદ્ધો માટે મિષ્ટ ભોજનની વ્યવસ્થા તો હોય જ.

### એ... હાલો,.... આવી નવરાત્રી

ગુજરાતની ઓળખ એટલે ગરમ ચા ને ગરબો. એટલે નવરાત્રી ગુજરાતીઓ અને ગુજરાતણોને ઝાલી રાખવા પડે. આશ્રમના વડીલો પણ કેમ બાકાત રહે. પ્રથમ દિવસે ઘટ સ્થાપન કરી માતાજીના ગરબો કોરાયો. નવે દિવસે અર્વાચીન પ્રાચીન ગરબાની રમઝટ બોલાતી રહી. ભાઈશ્રી પૂનિતની તબિયત સખત નાદુરસ્ત હોઈ પૂનિતના ધર્મપત્ની અને સ્વજન એવા પિન્કીબેને સમગ્ર જવાબદારી ઉપાડી લીધી. રોજ રાત્રે ગરબા પછી વિવિધ પ્રકારનો નાસ્તો વેંચાતો રહ્યો. ખૂબ સરસ રીતે નવરાત્રી ઉત્સવ ખૂબ ઉમંગ ઉલ્લાસથી ઉજવાયોને છેલ્લે દિવસે પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈને સુશ્રીઉષાબેન મુંબઈથી ગાડી આવી રે... ઉત્સાહ વધારવા- નવા પ્રયોગો વિસ્તારવા આવી પહોંચ્યા. એટલે સૌના ઉમંગનો પાર ન રહ્યો. છેલ્લે વિજયાદશમી અસત્ય પર સત્યના વિજયનો દિવસ આવી પહોંચ્યો. રાધાકૃષ્ણને સીતારામની વેષભૂષામાં આકર્ષક રીતે તૈયાર કરવામાં આવ્યા. ગુજરાતે દરેક તહેવારને કંઈ ને કંઈ રીતે પોતાના વિશિષ્ટ મિજાજને કારણે જોડી દીધો છે જે કોઈ શાસ્ત્રમાં લખ્યું નથી. ઉત્તરાયણ એટલે ઉંધીયું-જલેબી શિવરાત્રી એટલે ભાંગ, શ્રાદ્ધ એટલે દૂધ-પાક, દશેરા એટલે ફાફડા જલેબી.. જેને કારણે રોજગારીની તકો વધે તે સમજી શકાય તેમ છે. દરેક વખતે આશ્રમમાં જ ફાફડા જલેબી બનાવવા કે જેથી ગરમાગરમ નજર હેઠળ મળે પરંતુ સમયના અભાવે વ્યવહારૂ થઈ બજારમાંથી ખાત્રીના વેપારીથી ફાફડાને અમૂલ ઘીમાં તરબોળ જલેબી બનાવડાવીને મઝા લૂંટી. ખાસ ધાનદાનમાં અને બધા જ કાર્યક્રમમાં ખડે પગે ઉભા રહેતા નવયુવાનો હાજર રહ્યા. સ્વજનો શ્રી કે.બી.શાહ શ્રી મહેન્દ્રભાઈ કે વાળા, શ્રી અનિલ પ્રભુએ આયોજનમાં ખૂબ ઉંડો રસ લીધો. અજયગાર્ડનમાં સુંદર બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌએ ખૂબ આનંદ લૂંટ્યો.

### શરદ પૂનમ

આજે શરદપૂનમની રાતડી રે લોલ વ્હાલો વગાડે રુડી વાંસળી રે લોલ. રાત્રે દૂધ પૌઆંની મીજબાની સાથે રાસ ગરબાનું આયોજન થયું હતું. સૌએ ઉત્સાહભેર ભાગ લીધો.

### ધાન-દાન પ્રયોગ - ૨૫

કોરોનાનો ડર ઘટતાં આ વખતે ગામડાના લાભાર્થીઓને અને ડાકોરના લાભાર્થીઓને પણ કીટ આપી. અનિવાર્ય સંજોગો હતા તેને કારણે તેથી પ્રથમ દિવસે ફક્ત ૨૨ ગામડાંના જ લાભાર્થીઓને બોલાવવામાં આવ્યા. કાર્યક્રમ, દિપપ્રાગટ્ય, ડાકોર નગર સેવા સદનના ઉત્સાહી કો. ઓપરેટીવ સેવાભાવી ચીફ ઓફિસરશ્રી સંજયભાઈ પટેલના હાથે કરવામાં આવ્યું. આશ્રમની આ સેવા આશ્રમની સ્વચ્છતા પારદર્શકતા જોઈ તેઓ ખૂબ પ્રભાવિત થયા. બીજે દિવસે ડાકોરના લાભાર્થીઓને બોલાવવામાં આવ્યા. આ પ્રસંગે ભાગવત્ વિદ્યાપીઠના મુખ્ય આચાર્ય શ્રી ભાગવત ઋષિજીને આમંત્રિત કરવામાં આવ્યા. પ્રાસંગીક ખૂબ જ સુંદર પ્રવચન-વ્યાખ્યાન તેમણે કર્યું ને સેવાનો સાચો મહિમા સમજાવ્યો. અનાજ કીટમાં ૫ કિલો બાજરી, ૨ કિલો ચોખા, દાળ ૨ કિલો, મોરસ ૨ કિલો, ચ્હા ૨૫૦ ગ્રામ, તેલ ૧ લીટર તથા દિવાળી આવતી હોઈ મોં મીઠું કરાવવાની ભાવનાથી સ્પેશ્યલ બુંદી આશ્રમમાં બનાવડાવી તેના બોક્સ અને રીક્ષાભાડાના રૂા. ૧૦ તો હોય જ. આયોજનમાં યુવાનો, સ્વજનો, ટ્રસ્ટીગણ, આશ્રમવાસીઓ ખડેપગે રહ્યા. સુંદર વ્યવસ્થિત પ્રયોગ પૂર્ણ થયો. તેનો સંતોષ પણ થયો. આશરે એક કીટ ૭૦૦ રૂપિયાની થાય. લાભાર્થીની દીવાળી સુધરી ગઈ એમ કહેવાય.

### સંગતની રંગતનો નવતર પ્રયોગ

શ્રી ચંદ્રવદનભાઈ સુશ્રી ઉષાબેન એક નવો વિચાર લઈને આવ્યા. શિબિર જેવી તો નહી પરંતુ તેની મીની આવૃત્તિ જેવી એક ઝલક. આશ્રમ સાથે જેનો અનોખો અતૂટ સંબંધ છે તેવા શુભ ચિંતકોને આમંત્રિત કરવામાં આવ્યા. ટ્રસ્ટીઓના પરિવારજનોને પણ બોલાવાયા. ડાકોરના સ્વજનો અને હંમેશા મદદરૂપ થતા એવા ગુણીજનોને પણ આમંત્રિત કર્યા. એક મેળો અને તે મનપાંચમનો મેળો સાચું સ્નેહમિલન બની રહે તેવો નકશો બનાવાયો. આનંદ સપ્તાહ જેવું એક દિવસનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ દિવસે શ્રી ભાગ્યેશભાઈ જહા સાહેબ પધાર્યા. મૌલિક રીતે પોતાની આગવી છટામા સતત ૧ાા કલાક સૌને ખુશ કર્યા ને મઝા કરાવી. પ્રારંભે શ્રી ચંદ્રવદનભાઈએ પોતાના દાનનો ખજાનો જે છૂટો મુક્યો તેની વિગતે વિગતો જાહેર કરી પોતે નિમિત્ત માત્ર છે તે સૂર પણ વહેતો કર્યો. ડાકોર અને બહારની વિવિધ સેવાભાવી સંસ્થાઓને બોલાવી છૂટા હાથે ને છૂટા હૃદયે બંધ કવરમાં પોતાની લાગણી વ્યક્ત કરી. સ્ટેજની રજૂઆત અને પડદો જુની યાદો આશ્રમવાસી વૃદ્ધોને તાજી કરાવતા હતા. મારા મીઠાના રણમાં વાગ્યો રે ઢોલની વેશભૂષા સાથે રજૂઆત કરી. દાંડીયારાસ થયા. ખૂબ જ ઉત્સાહથી આવેલ બધા ભાઈ બહેનોએ ભાગ લીધો તે ખુશ પણ થયા. જે આશ્રમવાસીઓની સેવા આંખે સ્પષ્ટ દેખાય તેવા મેનેજરશ્રી તથા પિન્કીબેન કર્મચારીગણ અને કામ કરતા વૃદ્ધ વડીલજનોની સેવાની નોંધ લઈ તેમનું કવર આપી બહુમાન કરવામાં આવ્યું ને તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો. બપોરના મિષ્ટ ભોજન પછી સાંજે ઈડલી સંભાર સૌને જમાડ્યા. મુંબઈથી ને અમદાવાદથી આવેલ સૌ નાચતા કૂદતા આનંદ લુંટતા વીખરાયા. બીજે દિવસે શ્રી સત્યનારાયણની કથાનું આયોજન થયું. યુવાન ટ્રસ્ટી કપડવંજવાસી શ્રી સંજયભાઈને તેમના ધર્મપત્ની કથા યજમાન બન્યા. કથાકારને નવયુવાન વિદ્વાન શાસ્ત્રી એવા ભાઈશ્રી નિકુંજભાઈએ ખુબ સ્પષ્ટતા કરતાં સત્યનારાયણની કથાના વિવિધ પાસાની છણાવટ કરતાં શાસ્ત્રોક્ત રીતે વિધિવિધાનથી કથા રજૂ કરી. સૌ સ્વજનો, કાકા-કાકીની હાજરીથી વાતાવરણ ભક્તિમય બની રહ્યું. ભજન હોય એટલે ભોજન હોય જ. સૌએ સાથે મળી એક સારું કામ થયાનો સંતોષ વ્યક્ત કર્યો.

ત્રીજે દિવસે દીપયજ્ઞનું આયોજન થયું. ગાયત્રી ઉપાસક શ્રી વિષ્ણુભાઈ પંચાલ અને તેમના ધર્મપત્ની અને અન્ય ગાયત્રી ઉપાસકોની હાજરીમાં ૧૦૧ દીપ પ્રગટાયવ્યા. ગાયત્રી મંત્રોનું તેના અર્થોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું. દીપનું માહાત્મ્ય બતાવવામાં આવ્યું. શ્રી ચંદ્રવદનભાઈએ ખરીદેલ ગાયત્રી પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું. હરદ્વાર શાંતિકુંજ જવું ન પડે તેવું સફળ આયોજન થયું. જોત જોતામાં ધનતેરસ અને દિવાળી આવી પહોંચી. લક્ષ્મીપૂજન, ચોપડા પૂજન થયું. બેસતા વર્ષે સૌએ પરસ્પર

નૂતનવર્ષાભિનંદન પાઠવ્યા. નવા વર્ષની શૂભેચ્છાઓ પાઠવી જયશ્રી કૃષ્ણના નાદથી સપરમા દિવસે સબરસની પ્રતિતિ થઈ. સાંજે અન્નકૂટ વિવિધ જાતની વાનગીઓથી અન્નકૂટ ભરાયો. ભાઈશ્રી પૂનિત, કેબી. શાહ, ભાઈશ્રી અનિલપ્રભુ, જયરામભાઈ અને જે ભજનો ગાય છે તેવા આશ્રવમાસી બહેનોના કંઠે થાળના ભજનો ખાસ ગવાયા. થાળ, આરતી પછી પ્રસાદ વિતરણ ભોજન તો હોય જ. શ્રી ચંદ્રવદનકાકા અને સુશ્રી ઉષાબેનની હાજરીથી બધા જ કાર્યક્રમમાં નવો ઉત્સાહ-ઉમંગ સૌને મુખે જોવા મળ્યો. કામમાં પણ મિલે સૂર મેરા તુમ્હારા. દારુખાનાથી પણ દિવાળી દેખાઈ. સૌને ખુબ આનંદ કરાવ્યો. શ્રી ચંદ્રવદનભાઈ અને સુશ્રી ઉષાબેનની મુંબઈ જવાની નિર્ધારિત તારીખો આવી પહોંચી. અને સૌને રામ રામ કરતા તેઓ હેમખેમ મુંબઈ પહોંચી ગયા. તેમની હાજરીના બધા દિવસો દિવાળી બની ગયા. શ્રી ચંદ્રવદનભાઈના દાનથી કૃષ્ણાશ્રય ગૌશાળા તો તૈયાર થઈ ગઈ. પંરતુ તેના ઉદ્‌ઘાટન સુધી રોકાવાય તેવું નહતું. એટલે પ્રેરણાત્મક માર્ગ કાઢ્યો. તેમણે પ્રતિક તરીકે ગાય નામે આરતીને આશ્રમમાં તેડાવી સૌની હાજરીમાં તેનું પૂજન અર્ચન કર્યું. બધા વૃદ્ધો છેક ગૌશાળા સુધી ક્યાં જઈ શકે તેથી આશ્રમ પરિસરમાં સુંદર ગૌપૂજનનું આયોજન થયું.

**તુલસી વિવાહ**

કારતક સુદ - ૧૧ તુરત આવી પહોંચી. સાંજે ઘોડા પર બીરાજી. લાલજી વરરાજા બની વરઘોડે ચઢ્યા. લગ્નગીતો ગાતા ગાતા સૌ આશ્રમ પરિસરમાં નાચતા કુદતા જાનમાં જોડાયા. અજય ગાર્ડનમાં મંડપ રચાયો હતો. વરરાજા તરફથી ધર્મેન્દ્રભાઈ અને ભારતીબેન મા બાપ બન્યા હતા. સામે તુલસીજી તરફથી સ્વજનશ્રી અનિલપ્રભુ અને શોભનાબેન બન્યા હતા. લગ્નની વિધીથી તુલસી લગ્ન કર્યા. સૌએ લગ્ન જેવો જ આનંદ લૂંટ્યો.

**અશક્તાશ્રમની વેબસાઈટ**

**આપ સૌને જણાવવાનું કે અશક્તાશ્રમની વેબસાઈટ નવા ક્લેવર સાથે તૈયાર થઈ ગઈ છે જેનું એડ્રેસ નીચે મુજબ છે.**

**www.ashaktashram.org**

**આપ સૌને વિનંતી કે આ વેબસાઈટ જરુરથી જોશો.**

**-વિનોદભાઈ ઠાકર (સંવાહક-પ્રાર્થના પરિવાર)**

## આસક્તિમાંથી મુક્તિ મેળવીએ

વૃદ્ધવ્યક્તિનો ઉલ્લેખ જ્યારે જ્યારે થાય છે ત્યારે આપણી સમક્ષ એક અશક્ત શરીરથી જર્જરિત-અંગ ઉપાંગો નિર્બળ વ્યક્તિનું ચિત્ર ખડું થાય છે.... કોઈને પણ તેમના જ્ઞાનને અને અનુભવનું મૂલવતું નથી. તેનું કારણ સ્વયમ છે. વ્યક્તિએ જ્ઞાન અને અનુભવનું પરહિત અર્થે પ્રદાન ઓછું કરેલ હોય છે. જીવનમાં તમારું વિશિષ્ટ પ્રદાન જ તમારા જીવનની ઉજળી બાજુ છે. આ પ્રદાન ધનનું, શક્તિનું, વિશિષ્ટ આવડતનું કે કોઈપણ કળાનું હોઈ શકે. પ્રદાનમાં તમારું યોગદાન માત્ર અને માત્ર આપવાની ભાવના વાળું હશે તો જ સમાજ તેની નોંધ અવશ્ય લે છે. સ્વાર્થ વૃત્તિથી કે વળતરની ભાવનાથી કરેલું પ્રદાન ક્યારેય પ્રશંસનીય હોતું નથી... ગમે તે અવસ્થાએ શુદ્ધ ભાવનાથી કરેલું તમારું પ્રદાન હંમેશા તમારા ચિત્તને પ્રસન્ન રાખવામાં મદદરુપ બને છે.

અશક્તાશ્રમના તમામ નિવાસી માટે એક વાત સ્પષ્ટ તરી આવે છે કે તમે કોઈને કોઈ કારણથી નિમિત્તથી અહીં રહ્યા છો. તમારી અશક્તિ માટે કોઈ ફરિયાદ નથી પરંતુ તમે જે કંઈ જીવનમાં પ્રાપ્ત કરેલું હોય તેનું પ્રદાન કરવામાં તમને તમારી અશક્તિ કદીયે અવરોધરૂપ બનતી નથી. આ માટે તમારા મનનું ઉદારપણું જ મદદરુપ બને છે. આ ઉંમરે આવી ઉદારતા નહીં દાખવવાનું કોઈ મોટું કારણ હોતું જ નથી. પરંતુ અહીં તમારી આસક્તિનો દોષ તમને અવરોધે છે. સંતાનો પ્રતિની આસક્તિને લીધે જીવનમાં છેલ્લો તબક્કો ઘણું બધું સહન કરવાનું તમારે ભાગે આવ્યું છે. એ સ્પષ્ટ છે હવે આ તબક્કે આસક્તિના વધુ નુકશાનમાંથી ઉગરી જવાનો સમય પાકી ગયો છે... મારું મારું કરીને જે આસક્તિનું વળગણ વળગેલું છે તેમાંથી બચવાનું કામ તમારે જ કરવાનું છે. શરીર ભલે અશક્ત હોય પણ મન તો તમારું સક્ષમ છે જ... આ મનને પરમાર્થમાં વાળીને જીવનને સાર્થક કરી જીવવાનો મોકો જતો કરવા જેવો નથી. આપ સૌ સુંદર રીતે આ દિશામાં વિચારશો તેવી નમ્ર અરજ સાથે આપના સ્નેહાધીન વિનોદ ઠાકરના જયશ્રી કૃષ્ણ.

બુક-પોસ્ટ/પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી ____________________

____________________

____________________

**પ્રેષક :**

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,
ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦